સરદાર સરોવર નર્મદા યોજનાની કેનાલો બનાવવાની કામગીરી

*** 15/4/614:** શ્રી ગેનીબેન નગાજી ઠાકોર (વાવ): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૪/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકીત પ્રશ્ન ક્રમાંક–૩૩૬૭ (અગ્રતા–૧૦૫) ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | નર્મદા યોજનાની શાખા નહેરની સુધારેલ અંદાજીત લંબાઈ પૈકી ૦.૯૩ કિ.મી., વિશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ પૈકી ૧૭૧.૬૮ કિ.મી., પ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ પૈકી ૧૦૭૦.૮૪ કિ.મી., તથા પ્રપ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ પૈકી ૪૭૩૨.૧૯ કિ.મી. લંબાઈમાં કામો બાકી હતા તે પૈકી કયા પ્રકારની કેનાલનું કેટલા કિ.મી.નું કામ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પુર્ણ કરવામાં આવ્યું, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ જે કામો બાકી હતા તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ નર્મદા યોજનાની શાખા નહેરના ૦.૨૯ કિ.મી., વિશાખા નહેરના ૧૪.૨૯ કિ.મી., પ્રશાખા નહેરના ૬૪.૮૨ કિ.મી., તથા પ્રપ્રશાખા નહેરના ૧૭૧.૮૩ કિ.મી. લંબાઇમાં કામ પુર્ણ કરવામાં આવ્યું, |
| (૨) | ઉક્ત સ્થિતિએ કયા પ્રકારની કેનાલની કેટલા કિ.મી.ની કામગીરી બાકી છે, અને | (૨) | તા. ૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ નર્મદા યોજનાની શાખા નહેરની સુધારેલ અંદાજીત લંબાઇ ૨૬૮૦.૨૪ પૈકી ૦.૬૪ કિ.મી., વિશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઇ ૪૬૧૯.૧૬ પૈકી ૧૫૭.૩૯ કિ.મી., પ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઇ ૧૫૫૮૨.૯૭ પૈકી ૧૦૦૬.૦૨ કિ.મી., તથા પ્રપ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઇ ૪૬૧૫૬.૭૨ પૈકી ૪૫૬૦.૩૬ કિ.મી. લંબાઇમાં કામ બાકી છે.<br>અંદાજીત લંબાઇ માં વધઘટ થવાનો સંભવ છે. |
| (૩) | ઉક્ત બાકી કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) | નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીનસંપાદન, અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ઓઇલ પાઇપલાઇન વિગેરેની સંબંધિત વિભાગોની મંજુરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.<br>પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઇ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

---